# જડી ગયેલી વસ્તુ | હરિકૃષ્ણ પાઠક

[**ખોવાઈ ગયેલી વસ્તુ :** ધીરેન્દ્ર મહેતા, ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૧, પૃ. ૮+૨૬૦, કિં. રૂ. ૧૦૦]

કોઈ પણ જાગ્રત સર્જકને, અરે, જાગતા માણસને પણ, સતત મુકાબલા કરવાનું આવે છે. 'ખોટવાઈ ગયેલી વસ્તુ'ના લેખકને પણ આ મુકાબલો કરવાનો થયો, તેમણે નિષ્ઠાથી એ કરી જાણ્યો અને છતાં પ્રસ્તાવનામાં પોતે કરેલ મુકાબલાને સ્પષ્ટ કરતાં કહે છે : '...જીવનમૂલ્ય ('મૂલ')નું રૂપ લેતા, જીવન વિશે શ્રદ્ધા જગવતા, જીવન માટે નિષ્ઠા પ્રેરતા અને જીવનમાં બળ પૂરતા પરિશ્રમની' આ વાત છે. 'અમારે ત્યાં એ પરિશ્રમ તેમ એના મહેનતાણા માટે 'મૂલ' શબ્દ પ્રચારમાં છે. ખાસ કરીને બાંધકામ અને ખેતીને લગતા શ્રમને માટે, અને તેમાં જોતરાયેલી સ્ત્રીઓ મૂલૈયાણી (કે મૂલિયાણી) તરીકે ઓળખાય છે. આ એમના વ્યક્તિત્વનો અંશ છે અને એનો મહિમા પણ છે.' જે 'ખોવાઈ ગયેલી વસ્તુ' છે તે આ 'મૂલ'. આથી આરંભે કથાનું શીર્ષક 'સાવ કૂંડાળાં દરિયો' સૂઝેલું તે વિશેષ રૂપે રત્નાના પાત્રને જ કેન્દ્રમાં લાવતું હોઈ લેખકે તેમાં ઉચિત ફેરફાર કર્યો.

વિદેશગમન અને સુખાળવા જીવન માટે લાગેલી હોડને પરિણામે રચાયેલ 'સામાજિક સંદર્ભ સાચવીને માનસિક સ્તરે તેનું નિર્વાણ' કરવાનો ઉપક્રમ અહીં લેવાયો છે તેથી દેખીતી કોઈ સ્થૂળ ઘટનાઓના બદલે અહીં મુખ્ય પાત્રો મનજીબાપા અને પુત્રી રત્ના-રતનના નિમિત્તે અને તેમના મનોવ્યાપારોના નિરૂપણથી કથાઘાટ રચાયો છે. પણ અન્ય જે પાત્રો અહીં આવી મળે છે તેમાં ઉપર કહ્યું તે 'મૂલ'ને યથાર્થ પામીને ચરિતાર્થ કરી બતાવનાર, મૂલૈયાણીનું ઉત્તમ પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે હીરા, મનજીબાપાનાં પત્ની. કથાનો આરંભ અને અંત છે મનજીબાપાનાં મનોવ્યાપારો, સંસ્મરણો, અનુભવો અને તે તે નિમિત્તે, પણ જૂજ રૂપે પ્રગટતા તેમના ઉદ્‌ગારો કે ચેષ્ટાઓમાં. તેમની સ્થિતિ આરંભથી અંત સુધી આ તરફ ને તે તરફની વચ્ચેની રહે છે.

વિદેશ જઈને વીરજીમાંથી 'વિજિલ' થઈ ગયેલ પુત્રના ઘરમાં પણ મનજીબાપાને તેમના તે તરફના – અંદરના ઓરડામાં જ રહેવાનું બને છે. આ તરફનો દીવાનખંડ નિષિદ્ધ જેવો છે. ગામમાં પાછા ફર્યા પછીયે ગામથી દૂર મજાનો બંગલો તો બંધાવ્યો છે, પણ મન ગામને ઝંખે છે જે હવે રહ્યું નથી. બદલાઈ ગયું છે.

કથાનો પ્રારંભ મનજીબાપા ગામમાં પાછા ફરી બંગલામાં વસવાનું શરૂ કરે છે ત્યાંથી થાય છે ને તેમાં તેમનો ભૂતકાળ ઊખળતો, ઉકેલાતો, ગૂંચાતો ને ગૂંચવતો રહે છે. મનજીબાપા હીરાને ગામમાં જ મૂકીને દીકરા સાથે વિદેશમાં જઈ રહ્યા છે. હીરા તો મૃત્યુ પર્યંત ગામે રહી છે ને પોતાનું મૂલ સાચવી રહી છે, શરીર ચાલ્યું ત્યાં સુધી કામ કર્યું છે. વિદેશ જવાની બાબતે શું થયેલું ? મનજીબાપા સ્મરણે ચડે છે :

'હીરાનું દુઃખ એ છે કે વાત કહેનાર, પછી એ પોતે હોય કે બીજું કોઈ – ગમે તેટલો હોંશમાં હોય, એ એકદમ એની વાતમાં ખેંચાય નહીં, ચહેરા ઉપર કોઈ પણ ભાવ દેખાયા વગર આંખો સ્થિર રાખીને વાત સાંભળી લે ને પછી પોતાને જે કહેવું તે કહે. મનજીની વાત સાંભળીને એ સાવ ટાઢે કોઠે કહે છે :

'ગગો તેડી જાય છે તો ફરી આવો, બીજું શું ?' – ને ત્યાં ગમશે કે કેમ એવી પૃચ્છાના – ચિંતાના જવાબમાં કહે છે, 'ગમવાનું તો એવું છે કે જેની જેવી ટેવ !' પોતાને કામ વગરની ગમે તેવી વધારાની ચોખવટ પણ કરે છે, ને તેથી જ મનજીને લાગે છે કે હીરા જે કંઈ કરતી રહે છે તે કરવામાંથી જ આ સમજણ ઊગી નીકળે છે કે શું ?

વિદેશ ગયા પછી ત્યાં માત્ર વીક એન્ડમાં જ મળવા આવતી દીકરી રતનને માંડ ફુરસદ મળી ? એવું તેમને મનમાં તો થઈ આવે છે પણ રહેતાં રહેતાં તેમને લાગણી છુપાવતાં આવડી ગયું છે. વીરજીના કામમાં કંઈક ઉપયોગી થવાના ખ્યાલથી મનજીબાપા તેના સ્ટોરમાં જવાનું રાખે છે પણ કંઈક પ્રવૃત્તિ કરવાની તેમની આ હોંશ બર આવતી નથી. ત્યાંનો કર્મચારી મનસુખ ખેપાની છે, ખટપટિયો છે, ખુર્રાંટ છે. બાપાને થાય છે કે 'મનસુખ એમને ટૂંકા જવાબ આપતો હતો.' બાપાને અડવું અડવું લાગતું હતું. 'પોતે પૂછે છે તે એને મન સાવ અરથ વગરનું હશે ? – અને પછી તો એણે એટલોય જવાબ દેવાને બદલે એમની વાત પર હસી દેવા માંડ્યું હતું.'

રત્નાના જીવનમાં બિપિનકુમારનો પ્રવેશ થયો અને તે પણ વિજિલની સંમતિથી, તેમાંયે આ મનસુખ જ કારણભૂત હોવાનું બાપાને લાગ્યા કરે છે.

નાનપણથી કંઈક આળસુ, કંઈક અનાડી અને મૂળમાં સરળ એવો મનજી મોટા ભાઈ વાલજીભાઈના હાથે હડધૂત પણ થતો રહ્યો છે. મૂલે જવાને બદલે ગજિયા ઘડવાની મજૂરી પસંદ કરનાર મનજી પછીથી વાલજીભાઈની ગોઠવણથી ઘંટીનાં પૈડાં ચલાવે છે તો વળી વીરજીના કહેવાથી ખટારાનાં યે ચલાવે છે.

ગજિયા ઘડે છે તો કાળજીથી પણ કંઈક વાંધો પડતાં, ઘરધણીના દુરાગ્રહથી બધું તોડી નાખવાનું થાય છે ત્યારે તેનો પ્રશ્ન થાય છે કે હીરા કહે છે એમ આ મહેનતમાં માણસાઈ ક્યાં આવી ?

મનજીબાપાની સાથે જ વિદેશમાં લઈ જવાયેલી પુત્રી રતન રત્ના થઈ છે. સાવ જુદું લાગે એવું તો આ નામ નથી. અને આમ પણ રત્ના એવી બદલાઈ શકી નથી. બિપિન સાથેના સંસારમાં એ ઠરી નથી. પાછા દેશમાં – ગામમાં પાછું ફરવાનું થયા પછીયે 'બૉયકટવાળી, ઇમ્પોર્ટેડ ફ્રેમનાં ચશ્માં, નાક પર અને કાનની બૂટમાં ઝગઝગતા હીરા, ગળામાં ચેન, ગાઉન અને પગમાં સ્લિપર સાથેની રત્નામાં એ રતનનો અણસાર તરત વરતાય છે ? હા, વાલજીકાકાએ એને કહ્યું હતું ખરું કે હાથનાં ટૂંકાં આંગળાં જુઓ, પંજા જુઓ, જાડી ડોક જુઓ કે ચામડીની ઢંકાયેલી જરઠતા જુઓ, મારી રતન ઓળખાઈ આવ્યા વગર રહેશે નહીં.'

રત્નાનું આવું વર્ણન કરનાર વાલજી તેના દરેક ઉદ્‌ગારમાં પ્રગટ થતો રહે છે. વતનમાં પાછા ફરેલ મનજીને વાલજીભાઈની ઓસરીમાં જઈને બેસતાં એવું લાગે છે કે પોતે ય બીજા અરજદારો જેવો જ છે. ધનીભાભીયે આ વાલજીભાઈનું ઘર ઉજાળે એવાં છે ને દીકરો ગોવિંદ તો બેઉ કરતાં સવાયો છે. વીરજીની પેઠે પોતાને વિદેશ જવાનું ન થયું ને આર્થિક વ્યવહારમાંયે કશોક વાંધો પડેલો તેના અણસારા તો ધનીભાભીના ઉદ્‌ગારોમાં યે પ્રગટતા રહે છે. ગોવિંદ પાછો રાજકારણમાં યે પડ્યો છે ને તેના કોઠા-કબાડામાં જ અટવાયેલો રહે છે. 'પાણીથી લઈને પેટ્રોલ સુધીમાં એનાં કામ ને પાછી ગામની પંચાત.'

મનજીના ભાગે આવેલું નાનું ઘર તો હવે રહ્યું નથી. ત્યાં વીશી થઈ ગઈ છે. પડતર પ્લૉટ હતો તે બંગલો બાંધી શકાયો. વતનમાં આવી ને વસવાનું થયું તેમાં વિચાર ને ચિંતા તો રત્નાનાં હતાં. રત્નાના શૈશવનો એક પ્રસંગ મનજીબાપાના સ્મરણમાં રહ્યો છે. સાત કૂંડાળાં ને દરિયોની રમત રમતાં કૂંડાળાની બહાર ધૂળમાં – દરિયામાં પડી ગઈ કે શું ? એવું મનજી

પૂછે છે તો રત્ના કહે છે : ડૂબી ગઈ હતી. જાણે કે આ ભાવિનું ઇંગિત હતું. મનસુખની જ ગોઠવણથી વિજિલના ધંધાના હિસાબોનું કામ સંભાળતો બિપિન રત્નાને પણ પામે છે. પણ તે સંવેદનબધિર, લાગણીશૂન્ય અને વિલાસી જીવ છે. પુરુષ તરીકે તો તે ઊતરી ગયેલો છે –

'બેડરૂમમાં નાઇટલૅમ્પનો આછો પ્રકાશ પણ બિપિન રહેવા દેતો નહિ. એ પરિસ્થિતિમાં જે અનુભવ એને મળતો હતો એ કેવળ સ્પર્શનો હતો. એ અનુભવમાં કરચલીઓ સિવાય કશું હાથ લાગતું નહોતું. બિપિનનું પ્રૌઢત્વ બહુ ધીમે ધીમે, પણ ખુલ્લું પડતું ગયું હતું – હેર ડાઈ, ચહેરાની માવજત, પરફ્યૂમ, કીમતી વસ્ત્રો : બિપિન સતત જે જહેમત ઉઠાવતો હતો એમાંથી પણ. આ માટેના બિપિનના પ્રયત્નો ઓછા પડતા હોય એમ લાગતું હતું તો ક્યારેક એ પ્રયત્નો પાછા પડતા હોય એમ. રત્ના જોતી હતી કે એવી પરિસ્થિતિમાં એ પ્રયત્નોમાં એક પ્રકારનું ઝનૂન ઉમેરાતું હતું.'

અને એવી એક ઝનૂની ક્ષણે ગરમ સૂપનો બાઉલ હડસેલી દેતો બિપિન દાઝી ગયેલી રત્નાને ડોકના પાછળના ભાગે ઊઠેલ ફરફોલા સુકાઈ જતાં વળી ગયેલી કળી જોઈ કહે છે : 'સુંદર નકશીકામ છે નહીં ?' – ભાઈને ઘેર પાછી ફરેલી રત્ના તેના શુષ્ક વ્યવહારથી ક્યારેક ઉઝરડાતી રહે છે. ને બિપિને તો ઉઝરડા સિવાય કશું આપ્યું નથી.

બિપિનનો ઓછાયો યે ન પડે તેવા ખ્યાલથી રત્નાને લઈને મનજીબાપા વતનને ગામ પાછા તો ફર્યા છે ને પોતે જે મૂકીને, છોડીને ગયેલા તે શોધ્યા કરે છે. તે રત્નાને – રતનને પણ તેનું શૈશવ યાદ કરાવવા મથતા રહે છે.

રત્ના ગભરુ છે. વિજિલના ઘરે હોય ત્યારેય એના હાથપગ હાલ્યા કરે છે વિજિલની પત્ની જીમીની ઇચ્છા પ્રમાણે. નિષ્ફળ ગયેલ લગ્નજીવનમાં ઓથારથી એ છૂટી નથી. 'જ્યાં એ નહોતી ત્યાંથી એ છૂટી શકતી નહોતી.'

વિજિલના પત્રો આવે ત્યારે તેમાં રત્નાનો ઉલ્લેખ પણ ન હોય. મનજીબાપા મનને મનાવવા કરે : ઉતાવળમાં લખ્યો લાગે છે ! પણ આ અધૂરાપણું ખૂંચે.

કથાને અંતે જતાં વળી વિનુભાઈનું પાત્ર દાખલ થાય છે. સાદા, સરળ અને સેવાભાવી એવા સજ્જન સાથેનો ઘરોબો મનજીબાપા યાદ કર્યા કરે. ને તેમની સ્મૃતિમાંયે આત્મીયતા અનુભવે. વિનુભાઈનાં પત્ની નિમુબહેનને નાનકડી રતનની ખૂબ ઝલાણી હતી તેવું યે સંભારી આપે. ને રતનની સ્મૃતિઓને સંકોર્યા કરે છે.

સમગ્ર માહોલમાં મોડેથી દાખલ થતું આ પાત્ર કંઈક અંશે આગંતુક લાગે છે. પરંતુ આવા વિનુભાઈ પંચાયતની ચૂંટણીમાં પડવા ગયા તો તેમની કેવી વલે થઈ ને કેવા ગામમાંથી ઊઠી ગયા તેની વાત કંઈક શેખી સાથે વાલજીભાઈ કરે છે ને તેમાંથી એમના ચરિત્રની વધુ રેખાઓ ખૂલે છે.

મનજીબાપા ને રત્ના એકબીજાની પીડા જાણે છે ને એકબીજાથી એને છુપાવે છે. એક પળે રત્ના મનજીબાપાને કહે છે, 'હાલો બાપા, આપણે કાલથી મૂલે જાશું ?' ત્યાં ખરેખર આ કથા પૂર્ણ થઈ ગઈ અનુભવાય છે. પરંતુ પછીથી રસ્તે ચાલ્યા જતા મનજીબાપાને કોઈ ટીખળી છોકરો આવો જ પ્રશ્ન પૂછે છે ને ગુસ્સે થઈને બાપા જે કકાટિયો સાચવી રાખ્યો છે તેને ફેંકી દઈ ફરીથી ખોવાઈ ગયેલું શોધવા માંડે છે. તે રીતનો અંત કદાચ ખોવાયું તે જડવાનું નથી તેવા ઇંગિત રૂપે લાગે છે.

કશીયે દેખીતી ઘટના વિનાની, મનોઘટના રૂપે – સ્મરણયાત્રામાં અને જૂજ સંવાદોમાં ગૂંથાતી કથામાં જે ખરો પડકાર છે તે તો માણસનું અકળ મન જે લીલાઓ એ છે, જે આઘાત-પ્રત્યાઘાત અનુભવે છે તેના નિરૂપણમાં રહેલો છે જે અહીં સફળતાપૂર્વક ઝિલાયો છે. પોતાનાં મૂળ રૂપે, નામે, ગુણે રહ્યાં છે તે તો છે મનસુખ, જીમી, હીરા, વાલજીભાઈ, ધનીભાભી ને ગોવિંદ – (પૌત્ર 'કેન' પણ મનજીબાપાને મન તો 'કાનિયો' જ છે). રત્ના ફરી રતન બને, પોતાનો વેશપલટો પણ ખરી પડે એવી એમની ધખનાયે જલ્યા કરે છે. સૌથી પ્રભાવક ચરિત્ર તો છે હીરાનું. તે સ્પષ્ટ છે, ઠરેલ છે, પોતાનું સત્ય કર્મતામાં જ તેને લાધ્યું છે. તે સંસ્કારી છે, ઓછું બોલે છે ને વધુ વ્યક્ત થાય છે, એનું નામ પાડ્યું નથી તે ગામમાં આવેલા બદલાવની ઝીણી વિગતો સાથે મનજીબાપા અને રત્ના એકબીજાનાં મનોગતને જાણી જે ભાવ-સંવેદનો અનુભવે છે તેની માર્મિકતા અને અભિવ્યક્તિ મુગ્ધ કરે તેવી છે. એક બાજુ નરી ભૌતિકતા ને સામે છેડે થોડું-ઝાઝું લાગણીનું વળગણ છે તે પણ અનુભવાય છે. તો જે સંક્રાંતિકાળમાંથી માણસ પસાર થઈ રહ્યો છે તે સાથે તે શા માટે દોડી રહ્યો છે ને શું ખોઈ રહ્યો છે – તેનીયે ઓળખ અહીં મળે છે.

આ નવલકથા એક સુખપાઠ્ય કૃતિ નથી. તેમાં ઠરીને વાંચવાથી માણસના મનોગતને ઉકેલતી ને ઓળખાવતી અભિવ્યક્તિ કેવી સજ્જતા ને સર્જકતા માગી લે છે તેનોયે અહેસાસ મળે છે. સંયત કલમે લખાયેલી આ એક સંવેદનકથા છે. 'મૂલ' શબ્દનું અને ખરેખર તો મનુષ્યના અવતારનું યે 'મૂલ્ય' ચીંધી આપવામાં લેખકની જે સિદ્ધિ છે તેને સાનંદ આવકાર.